# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૬/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ફોર સ્ટાર્ટઅપ્સ ડયુરીંગ કોવિડ– ૧૯' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે 'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ફોર સ્ટાર્ટઅપ્સ ડયુરીંગ કોવિડ– ૧૯' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે કૂટલૂટના કો–ફાઉન્ડર શ્રી જસમીત થીન્ડ, બ્લોહોર્નના ફાઉન્ડર શ્રી મિથુન શ્રીવાસ્તવ, ઇમ્પેકટ ગુરૂના કો–ફાઉન્ડર શ્રી પીયુષ જૈન અને કેચ અપના ફાઉન્ડર શ્રી વિનય સિંઘલ દ્વારા કોરોનાના સમયગાળા દરમિયાન સ્ટાર્ટઅપ્સ માટે ઉભી થયેલી મુશ્કેલી અને સર્જાયેલી નવી તકો વિશે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ભારતની આ ચારેય કંપનીઓના નિષ્ણાંતોએ ઉદ્યોગ સાહસિકોને બિઝનેસ માટે કોઇપણ તક મળતી હોય તો એ તકને સમયસર ઝડપી લઇને વીનીગ માઇન્ડસેટ સાથે આગળ વધવાની સલાહ આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ જણાવ્યુ હતુ કે, દરેક વેબીનારમાં જુદા–જુદા વિષયોને સાંકળવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ યુવા સાયન્ટીસ્ટોને કોરોના સામેની લડાઇમાં વેકસીનના રિસર્ચમાં આગળ આવવાનું આહ્વાન કર્યુ છે ત્યારે ઉદ્યોગ સાહસિકોએ પણ નવું સાહસ કરવાનો આ સમય છે. અત્યારે મુશ્કેલીઓ તો ઘણી છે નવી તકને ઝડપી લઇ તેનો લાભ લેવો જોઇએ.

શ્રી જસમીત થીન્ડે જણાવ્યુ હતુ કે, આપણા દેશમાં ૫૦૦ મિલિયન ઇન્ટરનેટ યુઝર્સ છે પણ બધું ઓફલાઇન થઇ રહયું છે. બે – ત્રણ વેબસાઇટ ઉપર ધંધો શરૂ થયો છે ત્યારે કૂટલૂટ નાના દુકાનદારોને ઓનલાઇન મદદ કરે છે. કૂટલૂટ ઉપર ચેટ કરીને પ્રોડકટ મુકવામાં આવે છે અને ત્યાંથી ગ્રાહક સુધી પહોંચાડવામાં આવે છે. અમે

દુકાનદારોને સીધા મેન્યુફેકચરર્સ સાથે પણ જોડીએ છીએ. એપ, વોટ્સએપ અને ફેસબુકના માધ્યમથી પ્રોડકટની ડિલીવરી કરવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, સાર્સ બાદ ચાઇના ઇ–કોમર્સમાં ઝંપલાવ્યુ હતુ ત્યારે કોરોનાના સમયમાં ભારતે ઇ–કોમર્સમાં આગળ આવવાની જરૂર છે. હાલની સ્થિતિમાં ઘણી તકો આપણી પાસે રહેલી છે. લોકડાઉનને કારણે હવે નાના દુકાનદારો ઓનલાઇન જવાનો પ્રયાસ કરી રહયાં છે. લોકો પણ ઓનલાઇન એસેન્શીયલ ગુડ્ઝના ઓર્ડર કરી રહયાં છે. પહેલાં પણ લોકો મોટાભાગે ઘર નજીકની બે–ત્રણ દુકાનો ઉપર જ ખરીદી કરવા માટે જતા હતા પરંતુ અમારું આ પ્લેટફોર્મ લોકોના ઘર પાસેથી બે – ચાર કિલોમીટરના અંતરે આવેલી બધી દુકાનદારોની સુવિધા એપ થકી આપે છે, જેના ઉપયોગથી લોકો ઘરબેઠા ચીજવસ્તુઓ મંગાવી શકે છે. લોકડાઉન બાદ પણ તુરંત જ સપ્લાય ચેઇન સામાન્ય થશે નહીં. આથી દુકાનદારો પણ એડવાન્સમાં ઓર્ડર મંગાવી લેશે અને તે પ્રમાણે લોકોને માલ પ્રોવાઇડ કરશે. આજે પણ અમારા પ્લેટફોર્મ ઉપર ટ્રાન્ઝેકશન થઇ રહયાં છે.

તેમણે વધુમાં કહયુ હતું કે, જે સ્ટાર્ટઅપ્સ ખરાબ સમયમાંથી પસાર થઇ જાય છે તે સફળ થવાના જ છે. હવે સેકટર બદલાશે, તમારી કંપનીમાં જો દમ છે તો ફંડ માટે તમે અટકશો નહીં. લોકો ઉપર તમારું કામ અસર કરે તો તમારી કંપની અટકશે નહીં. મુશ્કેલીને સ્વીકારીને તેનામાંથી બહાર નીકળવા માટે આગળ આવવા માટેનો આ સમય યોગ્ય છે. ટેકલોનોલોજીનો ઉપયોગ કરી અત્યારના ઇન્ફ્રાસ્ટ્રકચરનો મહત્તમ ઉપયોગ કરી શકાય છે. અત્યારે સર્વાઇવ કરતા એડોપ્શન ખૂબ જ મહત્વનું છે. લોકો એકવાર એડોપ્ટ કરશે એટલે બિઝનેસ ચાલી જશે. બિઝનેસમાં તમારે બહુ લાંબા સમય માટે વિચારવાનું નથી. બે વર્ષ કરતા બે મહિનામાં તમે કેટલો સારો બિઝનેસ કરી શકો છો એના ઉપર ધ્યાન આપીને તેમજ ભયમુકત થઇને બિઝનેસ કરવો પડશે.

શ્રી મિથુન શ્રીવાસ્તવે જણાવ્યુ હતુ કે, અમે ઇ–કોમર્સ થકી વેર હાઉસ નેટવર્ક ધરાવીએ છીએ. ખાસ કરીને બેંગ્લોર, હૈદરાબાદ, ચેન્નાઇ અને દિલ્હીમાં મેજર ઓપરેશન તેમના દ્વારા કરવામાં આવે છે. એચઆર પ્રિન્સીપલ્સને ધ્યાનમાં રાખીને તેઓ કામ કરી રહયાં છે. કર્મચારીઓ પણ જવાબદાર વ્યકિત હોય છે એટલે તેઓ ઘરેથી પણ મેનેજ કરી શકે છે. તેમની કંપનીના ૭૦ ટકા લોકો ગ્રાઉન્ડ વર્ક માટે બહાર નીકળતા હોય છે અને બધા ઓપરેશન મોબાઇલમાં સાથે રાખે છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, ભવિષ્યમાં હવે ટેકનોલોજીને આધારે ઇનોવેશન થશે. ટ્રેડીશનલ બિઝનેસમાં પણ ઘણા બદલાવ આવશે. ઉદ્યોગ સાહસિકો ટેકનોલોજીમાં નવા નવા કલાઉડનો ઉપયોગ કરીને બિઝનેસને પણ સમયની માંગ મુજબ બદલશે. આ ખરો સમય છે કે તમે તમારી ટીમ સાથે સતત સંપર્કમાં રહી શકો છો અને તેમને કામમાં એન્ગેજ રાખી શકો છો. બિઝનેસ એકસપર્ટને વધારે સાંભળવા જોઇએ અને તેમની પાસેથી નવું શીખવું જોઇએ.

શ્રી પીયુષ જૈને જણાવ્યુ હતુ કે, ટેકનોલોજીના ઉપયોગથી તેમની કંપની દ્વારા હોસ્પિટલના ખર્ચ માટે લોકોને ફાયનાન્સીગ કરવામાં આવે છે. મોટાભાગના મિડલ કલાસ લોકો પાસે ઇન્સ્યુરન્સ હોતા નથી. એવા લોકો માટે તેઓ ટેકનોલોજી પ્લેટફોર્મથી મિત્રો, ફેમિલી અને મદદગારો પાસેથી ફંડ એકત્રિત કરીને આપે છે. હાલમાં એક કોરોનાગ્રસ્ત ભારતની મહિલા માટે તેમની કંપનીએ રૂપિયા ૪૦ લાખની વ્યવસ્થા કરી હતી. તેમની કંપની ક્રાઉડ ફન્ડીગ અને સીએસઆર માટે કામ કરે છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, લકઝરી પ્રોડકટ્સવાળા બિઝનેસને થોડો સમય મુશ્કેલી સહન કરવી પડશે. હાલ માર્કેટ જેટલી સ્પીડમાં નીચે ગયું છે તેટલી સ્પીડમાં માર્કેટ ઉંચકાશે નહીં. સપ્લાય ચેઇન અટકી ગઇ છે તેથી સ્થિતિને સામાન્ય થતા ઘણો સમય લાગશે. કોરોનાની વેકસીનને બનતા ઘણા મહિના લાગશે. આથી ભારતમાં ઓછી કિંમતના વેન્ટીલેટર ઉપર ઇનોવેશન થઇ રહયું છે. આપણે ડોકટરને બચાવવા માટે પ્રયાસ કરી રહયાં છે. કોરોના બાદ હેલ્થકેર ડિમાન્ડ વધવાની છે. સેનીટાઇઝર, માસ્ક અને હાઇજીન વિગેરે વસ્તુઓની માંગમાં વધારો થવાનો છે. ઓછી કિંમતમાં ઇનોવેટીવ વસ્તુઓની માંગ વધશે. માર્કેટની જરૂરિયાતને ઓળખીને તમે એ દિશામાં બિઝનેસ કરવાનું વિચારશો તો ચોકકસ સફળ થઇ જશો.

શ્રી વિનય સિંઘલે જણાવ્યુ હતુ કે, ટોપ ૫૦ મિલિયન અને ૫૦૦ મિલિયન લોકોમાં ઇન્ટરનેટ વહેંચાયેલું છે. સોશિયલ મિડિયા ઉપર મોટાભાગે જોવાતી હેલો, બીગો અને ટીકટોક વિગેરે ભારતની ટોપ કોન્ટેન્ટ મોટાભાગની ચાઇનીઝ કંપનીઓ છે. આ ખૂબ જ ખતરનાક બાબત છે. આ કંપનીઓને કારણે ઇન્ટરનેટનો કોન્ટેન્ટ ખરાબ થયો છે. આવા સંજોગોમાં તેમના દ્વારા ભારતીય સંસ્કૃતિને ઘ્યાનમાં રાખીને ડાયલેકસ બેઇઝ્ડ ઓડીટી પ્લેટફોર્મ બનાવવામાં આવ્યુ છે. જે બધી ભાષામાં અપનાવી શકાય છે. જો કે, સૌપ્રથમ હરીયાણાની ભાષામાં આ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યુ છે. ત્યારબાદ તેઓ અન્ય ભાષામાં આ પ્લેટફોર્મ રજૂ કરશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, લોકડાઉન બાદ અમે લોકો ઓફિસમાં નહીં પણ ઘરેથી જ કામ કરીશું. કારણ કે ઓફિસ ખર્ચમાં જતી રહેતી ૩૦થી ૪૦ ટકા રકમ હવે બચી જશે. તદુપરાંત કર્મચારીઓ ઓફિસ કરતા વધારે સમય આપી એફિશીયન્સી સાથે ઘરેથી જ કામ કરી રહયાં છે. આથી ડિજીટલ ઇન્ડસ્ટ્રીનો ગ્રો વધારે થશે. આ દિશામાં માર્કેટમાં ખૂબ જ સારુ કામ કરી શકાશે. તેમણે કહયુ હતુ કે, કોઇપણ તક તમને મળતી હોય તો તે તકને ઝડપી લો પણ એમાં તમારો વીનીંગ માઇન્ડસેટ પણ જરૂરી હોય છે. કોઇપણ સમસ્યા ઉભી થતી હોય તો તેમાં પેનીક થવાને બદલે એનામાંથી કઇ રીતે બહાર નીકળી શકાય તે દિશામાં વિચારવાનું વધારે હિતાવહ રહે છે.

સીએ ગૌરવ સિંઘવીએ વેબીનારનું કુશળતાપૂર્વક સંચાલન કર્યુ હતુ. આ વેબીનારમાં વિશ્વભરમાંથી ૨૫૦થી વધારે લોકોએ ભાગ લીધો હતો અને ખૂબ જ સારો પ્રતિભાવ તેઓનો જોવા મળ્યો હતો. ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.